CASA-BYOD-AOF-for-Electronically-Source-Accounts TnC

સૌથી મહત્વના નિયમો અને નિયમનો (ગ્રાહક માટેની નકલ)

મેં (આ સંદર્ભમાં, "હું", "મારું" અને "મને"એ ખાતાના તમામ ધારકોને અનુલક્ષીને છે) નીચે આપવામાં આવેલા નિયમો અને શરતોનું વાંચન કર્યું છે અને તે અંગે યોગ્ય સમજણ ધરાવું છું તથા આ સાથે એવી સમજણ પણ ધરાવું છું કે તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ફક્ત www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ બનશે.

**ઈલેક્ટ્રોનિક ફોર્મ ભરવું:** હું/અમે આ સાથે ટેબલેટનો ઉપયોગ કરીને એક્સિસ બેંક પાસે ખાતું ખોલાવવા માટે પુષ્ટી કરું/કરીએ છીએ અને ____________ ને અધિકૃત કરું છું/છીએ,એક્સિસ બેંક લિમિટેડના કર્મચારી/પ્રતિનિધિ કે જેમની પાસે કર્મચારી/પ્રતિનિધિ આઈડી ________________ છે, જે મારી/અમારા તરફથી ખાતું ખોલવાને લગતી વિગતો રજૂ કરવા તથા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મમાં મારા/અમારા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે અધિકૃત કરવામાં આવે છે. આ સાથે હું/અમે ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મમાં તેમના/તેણીના દ્વારા આપવામાં આવેલી માહિતીની સમિક્ષા અને ખરાઈ કરું છું/કરીએ છીએ તથા પુષ્ટી કરવામાં આવે છે કે તે સત્ય, ખરી અને અપડેટ કરવામાં આવેલ છે તથા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મ એક્સિસ બેન્ક દ્વારા સર્જન કરવા સાથે આ સંદર્ભમાં ઉપર દર્શાવવામાં આવેલ સંદર્ભ નંબર મારા દ્વારા ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મ મારા દ્વારા અરજી ફોર્મની સમીક્ષા, ખરાઈ અને પુષ્ટી કરવામાં આવે છે. ઉપર સંદર્ભિત કરવામાં આવેલ અરજી નંબર માટે ખાતુ ખોલાવવાને લગતા દસ્તાવેજોથી ઈલેક્ટ્રોનિક અરજી ફોર્મ અને ફિઝીકલ અરજી ફોર્મ એક સાથે બનેલ હશે.

**ખાતુ ખોલવુ/સર્વિસને લગતી જોગવાઈ:** તમામ સેવા કે જેમાં ખાતું ખોલવાનો સમાવેશ થાય છે તે મારા દ્વારા પૂરા પાડવામાં આવેલ માહિતી/દસ્તાવેજોની યોગ્ય ચકાસણીને આધિન છે. કોઈ સંજોગોમાં કોઈ કારણથી આ ખાતુ ખોલવામાં આવતું નથી તો શરૂઆતી ભંડોળની રકમ કે જે રૂપિયા 20,000થી વધારે હોય તો તે મને ડીડી/બેન્કના ચેક અથવા પીઓ સ્વરૂપમાં મને રિફંડ મળશે.

**સર્વિસ:** એક્સિસ બેન્ક શ્રેષ્ઠ પ્રયત્નના આધાર પર તમામ સેવાઓ પૂરી પાડશે. મારી/અમારી પાસે ઉપલબ્ધ રહેલી સર્વિસિસની સંપૂર્ણ યાદી www.axisbank.com પર ઉપલબ્ધ બનશે. ગ્રાહક ઉપસ્થિતિ ધરાવતા ન હોય તો, હુ આ સાથે પુષ્ટી કરું છું કે અન્યથા સ્થિતિમાં બેન્ક દ્વારા ગ્રાહક આઈડીને સંકલિત કરવાનો અધિકાર ધરાવે છે, જે તેમના દ્વારા મને ફી તથા ચાર્જીસસ અંગે અગાઉથી કોઈપણ નોટિસ વગર નિર્ણય લઈ શકે છે.

**ફી તથા ચાર્જીસસ:** મારા ખાતામાં તથા મારા દ્વારા પ્રાપ્ત અન્ય સેવાઓ માટે ફી તથા ચાર્જીસ લાગૂ પડશે, જે અત્યંત મહત્વના દસ્તાવેજ/ ચાર્જીસને લગતી સૂચિમાં વર્ણન કરેલ છે અને www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તમામ ફી સમયાંતરે લાગૂ થવા સાથે જીએસટી તથા અન્ય કાયદાકીય કરવેરા લાગૂ થશે.

**વ્યાજની ચુકવણી:** એક્સિસ બેન્ક સ્કીમને લગતી સંહિતા માટે લાગૂ થવાપાત્ર દર પ્રમાણે તમારા બચત ખાતામાં દૈનિક સિલક (બેલેન્સ)ના આધારે વ્યાજની ચુકવણી કરે છે.

**ફી અને ચાર્જીસ, સેવાઓ અને વ્યાજ દરોમાં ફેરફાર:** ફી અને ચાર્જીસ, સેવાઓમાં કોઈ પણ પ્રકારના ફેરફાર અથવા સ્થગિત કરવાને લગતી માહિતી પત્ર/એસએમએસ/વેબસાઈટ/ઈમેલ અથવા અન્ય કોઈ માધ્યમથી ઓછામાં ઓછા 30 દિવસ અગાઉ આપવામાં આવશે.

**રિકવરી:** જો ફી/ચાર્જીસની ચુકવણી કરવા માટે ખાતામાં ભંડોળ ઉપલબ્ધ ન હોય તો હું એક્સિસ બેન્કને કલેક્શનને લગતી પ્રક્રિયા અથવા કોઈપણ પ્રકારની જમા માટે ખાતામાં આવતી રકમ સહિત કોઈપણ ઉપલબ્ધ ક્રેડિટને સેટ ઓફ કરવા માટે અધિકૃત કરું છું.

**ડેબિટ લિમિટ:** હું એ વાતથી વાકેફ છું કે જ્યાં સુધી ખાતું ખોલવાને લગતા દસ્તાવેજોની તપાસ પૂરી થતી નથી અને બેન્ક દ્વારા તેને સંતોષજનક જણાતા નથી ત્યા સુધી ખાતાની ડેબિટ લિમિટ રૂપિયા 50,000 રહેશે.એક્સિસ બેન્કના પ્રતિનિધિ સ્રોતવાળા ખાતાની બાબતમાં બેન્ક દ્વારા દસ્તાવેજની ખરાઈ કર્યા બાદ ખાતા ડેબિટ વ્યવહાર માટે સક્રિય કરવામાં આવશે.

**નિષ્ક્રિય ખાતા:** જો મારા દ્વારા 2 વર્ષ અથવા તેનાથી વધારે સમય સુધી ખાતામાં કોઈ વ્યવહાર નહીં કરવામાં આવે તો તેને નિષ્ક્રિય ખાતું માનવામાં આવશે.

**ખાતા ફ્રીઝ:** હું બેન્કને નીચે દર્શાવવામાં આવેલ સ્થિતિમાં મારા ખાતાને ફ્રી કરવા માટે અધિકૃત કરે છે, મને સૂચિત કરવા સાથે તે ખાસ નિર્દેશીત કરવામાં આવે છે. એ. ખાતું ખોલવા માટે મારા દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ અસંતોષજનક જણાય બી. જ્યારે સગીર હોય કે જે ખાતા ધારક છે તે પુખ્ત થાય. સી. જો બેન્કને એવી કોઈ આશંકા હોય કે મારા ખાતામાં વ્યવહાર ન કરવામાં આવેલ હોય (બેન્ક અગાઉથી નિષ્પાદિત વ્યવહાર માટે કોઈ જવાબદારી લેશે નહીં) ડી.મારા ખાતાનો દુરુપયોગ કરી નાણાકીય ગેરરીત આચરવા અથવા બિનઅધિકૃત રીત મની પૂલિંગ માટે એક ચેનલ તરીકે અથવા તો કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે થાય છે તેવી આશંકાના સંજોગોમાં. (મને આ કિસ્સામાં કોઈ નોટિસ મળશે નહીં). ઈ. જો ખાતા ખોલવા માટે વિનંતી ફોર્મ 49એ અને/અથવા આધાર નામાંકન નંબર સાથે રજૂ કરવામાં આવેલ છે તો ખોલવામાં આવેલ ખાતાના પ્રકારના આધારે અપેક્ષિત પાન અને આધાર નંબર દર્શાવેલ અવધિમાં બેન્ક સમક્ષ રજૂ કરવા જોઈએ.

**ખાતુ બંધ કરવું:** નીચેના કિસ્સામાં અગાઉથી જાણ કરવા સાથે હું મારું ખાતુ બંધ કરવાની હું બેન્કને અધિકૃતી આપું છું. એ. ખાતામાં 3 મહિના અથવા વધુ સમય સુધી બેલેન્સ શૂન્ય રહે. બી. મારા ખાતામાં ચુકવણીને અસ્વીકાર થવાની ઘટના ઘણીબધી વખત થાય છે. સી. વ્યવહારનું વોલ્યુમ/પ્રકારના સંદર્ભમાં ખાતુ અયોગ્ય રીતે સંચાલિત કરવામાં આવે. ડી.ખાતાનું અસંતોષજનક રીતે સંચાલન.

**ખાતાની તબદિલી (સેલેરી સેવિંગ અકાઉન્ટ ધારક માટે લાગૂ થવાપાત્ર):** જો મારા સેલેરી ખાતામાં 3 મહિનાની અવધિ સુધી પગાર જમા ન કરવામાં આવે તો ખાતુ કોઈપણ પ્રકારની નોટિસ અથવા સૂચના વગર (તમામ લાગુ થવાપાત્ર ચાર્જીસ અને ફી સાથે) સ્વચાલિત રીતે સામાન્ય બચત ખાતામાં પરિવર્તન થઈ જશે અને સંપૂર્ણ કેવાયસી લાગૂ થશે, તે પૂર્ણ કરવામાં નિષ્ફળ જવાના સંજોગોમાં ખાતાને જમા રકમ સાથે ફ્રીઝ એટલે કે સ્થગિત કરવામાં આવશે.

**વ્યવહારો:** ખાતાના સંદર્ભમાં એક્સિસ બેંકને કોઈ પણ પ્રકારની સૂચના આપવામાં આવે કે જે પછી નાણાકીય/બિન-નાણાકીય પ્રકારી હોય (જેમ કે ચેકબુક/કાર્ડ, નાણાકીય વ્યવહારો, વ્યક્તિગત માહિતી અપડટ કરવી વગેરે) મારા દ્વારા ફક્ત અધિકૃત ચેનલોના માધ્યમથી રજૂ કરવામાં આવશે, જેને તે સમયે નિયમનકારી માર્ગદર્શિકાના આધારે બેન્ક દ્વારા દર્શાવવામાં આવશે. એક્સિસ બેંક પાસેથી એવી કોઈ અપેક્ષા રાખવામાં આવતી નથી કે તે એવી કોઈ સૂચનાઓ અંગે કાર્ય કરશે કે જે અધિકૃત માધ્યમો મારફતે આવતી નથી, અલબત અસાધારણ પરિસ્થિતિમાં આ પ્રકારની સુવિધા રજૂ કરવા માટે પોતાની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવે છે.

**ચેનલ ફેસિલિટીઝ:** ડેબિટ કાર્ડ, એટીએમ કાર્ડ, એટીએમ, ઈન્ટરનેટ બેન્કિંગ વગેરે સહિત એક્સિસ બેન્ક દ્વારા રજૂ કરવામાં આવતી તમામ ચેનલ સુવિધા www.axisbank.com પર આપવામાં આવેલ ખાસ દિશા સૂચનો અને મને સોંપવામાં આવેલ નિયમો અને શરતોને આધિન છે. હું/અમે સહમત છું/છીએ અને વચન આપું છું/આપી છીએ કે હું/અમે અમારા ખાતાની કોઈપણ સંવેદનશીલ માહિતીને વિશેષ રીતે ઈન્ટરનેટ/ઈમેલ/ફોન માધ્યમથી રજૂ નહીં કરે અને એક્સિસ બેન્ક એવા ખુલાસાથી છેતરપિંડી માટે જવાબદાર નહીં હોય. આ સાથે હું એવું વચન પણ આપું છું કે મારા ખાતા સાથે સંકળાયેલ ચેક લીફ, ક્રેડિટ/ડેબિટ કાર્ડ ગુમ થવા અંગે બેન્કને તાત્કાલિક સૂચિત કરશે.

**ડેબિટ કાર્ડ:** ડેબિટ કાર્ડનો ઉપયોગ હૂંડિયાણ નિયંત્રણ નિયમન પ્રમાણે કરવામાં આવશે અને કોઈ પણ નિષ્ફળતાની સ્થિતિમાં કાર્ડ ધારક વિદેશી હૂંડિયાણ સંચાલન ધારો 1999 તથા ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા નિયત સુધારા અંતર્ગત કાર્યવાહી માટે જવાબદાર રહેશે. એક્સિસ બેન્ક માટે ઘોષણા

**ઈન્ટરનેટ બેન્કિંગ :** હું/અમે સ્વીકાર કરું છું/કરીએ છીએ કે એક્સિસ બેન્ક ઈન્ટરનેટ બેન્કિંગ સુવિધાનો ઉપયોગ વેબસાઈટ www.axisbank.com પર સમયાંતરે લાગૂ થતા નિયમો તથા શરતો દ્વારા સંચાલિત કરવામાં આવે છે અને તેનું પાલન કરવા માટે સંપૂર્ણપણે સહમત છું/છીએ. હું/અમે આ સાથે વાકેફ છું/છીએ કે એક્સિસ બેન્ક લિમિટેડ તેના ગ્રાહકો પાસેથી ઈ-મેલ સહિત કોઈ પણ સ્વરૂપમાં લોગઈન આઈડી/પાસવર્ડ સંબંધિત કોઈ જ પ્રકારની માહિતી મંગાવતી નથી. હું/અમે આ વાતથી સહમત છું/છીએ અને પુષ્ટી કરું છું/કરી છીએ કે મારા/અમારા દ્વારા લોગઈન આઈડી, પાસવર્ડ, કાર્ડ, કાર્ડ નંબર અથવા પિન (વ્યક્તિગત ઓળખ સંખ્યા) કોઈની સાથે રજૂ કરવા/જાહેર કરવાથી થતા કોઈ પણ નુકસાન માટે એક્સિસ બેન્કની જવાબદારી નહીં હોય, અને કોઈ પણ રીતે બિનઅધિકૃત ઉપયોગ માટે બેન્ક પર કોઈ દાવા કરશે નહીં. હું/અમે અમારા ખાતાને લગતી વિગતની સુરક્ષા માટે તમામ સાવધાની દર્શાવે છે જેથી બિનઅધિકૃત ઉપયોગથી બચાવી શકાય.

**વ્યક્તિગત માહિતી:** એ. મારી વ્યક્તિગત માહિતી કે જેમાં વ્યક્તિગત માહિતી, સરનામામાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે તે મારા દ્વારા બેન્કને પૂરી પાડવામાં આવશે, જેમાં 2 સપ્તાહમાં દસ્તાવેજોના પૂરાવા સાથે રજૂ કરવામાં આવશે. હું

એક્સિસ બેન્કને કોઈ પણ છેતરપિંડી, નુકસાન અથવા ક્ષતિ માટે નુકસાન ભરપાઈ કરવા માટે સહમત છું, જે મારા દ્વારા ખોટી માહિતી રજૂ કરવા અથવા માહિતીને અપડેટ ન કરવાને લીધે મારા અને એક્સિસ બેન્ક સાથે થઈ શકે છે અને તેના આધાર પર બેન્ક ખરાઈ કરવા અને યોગ્ય સ્વરૂપમાં કાર્ય કરી શકે છે. બી. મારા દ્વારા રજૂ કરવામાં આવેલ કોઈ પણ પ્રકૃતિની તમામ માહિતી (વ્યક્તિગત અને સંવેદનશીલ માહિતી સહિત)ના ઉપયોગ સેવાઓ અને સુવિધાની જોગવાઈ, લેવડ-દેવડની સુવિધા, માહિતી અને અપડેટ્સ (મૂલ્ય-વર્ધિત સેવા સહિત) રજૂ કરવા, રિસર્ચ તથા એનાલિટીક્સ, ક્રેડિટ સ્કોરિંગ, ખરાઈ, ટેલિકોમ્યુનિકેશનમાં સહભાગીતા અથવા ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ નેટવર્કમાં ભાગ લેવામાં કરી શકાય છે, જેમ કે બેન્ક દ્વારા કાયદા/કસ્ટમરી પ્રેક્ટિસની જરૂરી બની શકે છે. સી. મારા દ્વારા પૂરી પાડવામાં આવેલી તમામ માહિતી (વ્યક્તિગત અને સંવેદનશીલ માહિતી સહિત) એવી એજન્સીઓ/સર્વિસ પૂરી પાડનારા સાથે રજૂ કરી શકાય છે કે જેના વ્યવસાયિક ઉદ્દેશ માટે એક્સિસ બેન્ક સાથે સમજૂતી છે અને જાણકારીના આધારની જરૂર રહેલી છે. એક્સિસ બેન્ક હંમેશા બેન્કની ગોપનિયતા નીતિ પ્રમાણે આ સંદર્ભમાં સમયાંતરે લાગૂ નિયમો અને નિયમનોનું પાલન કરવા માટે પ્રયાસ કરશે. જો હું ડેટા શેર કરવા માટે મારી સહમતિને કરવાનો ઈરાદો ધરાવતો હોય તો અગાઉ આપવામાં આવેલી સહમતિ પ્રમાણે મારા માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ ઉત્પાદનો/સર્વિસિસ મારી માટે હવે ઉપલબ્ધ રહેશે નહીં, અને મને આ પ્રકારના ઉત્પાદનો/સર્વિસિસને બંધ કરવાની પહેલ કરવાની રહેશે. ડી. બેન્ક ગ્રાહકના ખાતા અંગે માહિતીનો ખુલાસો કરી શકે છે, જો કાયદા, નિયમ અથવા વિનિમય દ્વારા આવશ્યક અથવા પરવાનગીની જરૂર હોય અથવા તો કોઈ જાહેર અથવા નિયમનકારી સત્તામંડળની વિનંતીના આધારે અથવા છેતરપિંડીને અટકાવવાના ઉદ્દેશથી અથવા જાહેર હિતમાં આ પ્રકારના ખુલાસા કરવા જરૂરી હોય તો ખાતાધારક/ખાતાધારકોની ખાસ સહમતિ વગર જ્યાં પણ સંયુક્ત ખાતાધારકોના મોબાઈલ નંબર આપવામાં આવેલ હોય, તેમને એટીએમ, ઈન્ટરનેટ બેન્કિંગ અને મોબાઈલ બેન્કિંગ (જેવા લાગૂ થવાપાત્ર હોય) તેના પર તેમના દ્વારા કરવામાં આવેલ વ્યવહાર માટે આ નંબરો પર વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) અને આર્થિક વ્યવહારના એલર્ટ પ્રાપ્ત થશે. આધાર: હું અહીં આ સાથે જણાવવા માગું છું કે હું મારા આધાર આધારિત અધિકૃતિને લગતી પ્રણાલી સાથે પોતાને પ્રમાણિત કરવામાં કોઈ જ પ્રકારનો વાંધો ધરાવતો નથી અને હું એક્સિસ બેન્ક પાસેથી બેન્કિંગ સેવા મેળવવા માટેના પ્રાયોજીત આધાર આધારિત પ્રમાણીકરણ માટે પોતાના આધાર નંબર, બાયોમેટ્રિક તથા/અથવા વન ટાઈમ પિન (ઓટીપી), ડેટા (અને/અથવા કોઈ સમાન અધિકૃતિ મીકેનિઝમ) રજૂ કરવા માટે સહમતિ આપું છું, હું આ સાથે સમજ ધરાવું છું કે પ્રમાણીકરણ માટે મારા દ્વારા જે બાયોમેટ્રિક્સ અને/અથવા ઓટીપી અને/અથવા અન્ય કોઈ પ્રમાણીકરણ વ્યવસ્થા પ્રદાન કરી શકું છું કે જેનો ઉપયોગ ફક્ત એવા ખાસ વ્યવહાર માટે યુઆઈડીએઆઈથી ઈકેવાયસી મેળવવાના ઉદ્દેશથી આધાર અધિકૃતિના માધ્યમથી મારી ઓળખને પ્રમાણિત કરવા માટે થસે તથા અન્ય કોઈ ઉદ્દેશ માટે નહીં હોય. હું સમજણ ધરાવું છું કે એક્સિસ બેન્ક આધાર આધારિત અધિકૃતિના ઉદ્દેશ માટે મારા વ્યક્તિગત ઓળખ ડેટાની સુરક્ષા અને ગોપનિયતાને સુનિશ્ચિત કરશે. હું આ સાથે બેન્કને એ બાબત માટે પણ અધિકૃત કરું છું કે તે મારા આધાર સાથે જોડાયેલ બેન્ક ખાતાનો ઉપયોગ એવી યોજનાઓમાં સરકારી ચુકવણી પ્રાપ્ત કરવા માટે કરે કે જેના માટે હું આધાર આધારિત અધિકૃતિનો ઉપયોગ કરવા યોગ્યતા ધરાવું છું. હું આ સાથે એક્સિસ બેન્કને માન્ય કારોબાર (લેજીટીમેટ બિઝનેસ) ઉદ્દેશો માટે મારી અરજીની પ્રક્રિયા દરમિયાન મારા આધાર નંબરની ખરાઈ અને અધિકૃતિ કરવા માટે અધિકૃત કરું છું. હું આ સાથે બેન્કને જરૂર પડવાના સંજોગોમાં નિયમકર્તા/વૈધાનિક એકમો સાથે મારી આધાર સંબંધિત વિગતો/માહિતીને શેર કરવા માટે વધુ રીતે અધિકૃત કરું છું. હું મારા ખાતામાં અપડેશન માટે મને ફાળવણી કરવામાં આવે ત્યારે મારો આધાર નંબર બેન્ક સમક્ષ રજૂ કરવાની જવાબદારી લઉં છું. હું એ બાબત અંગે સારી રીતે વાકેફ છું કે આધાર રજૂ કરવું ફરજીયાત છે અને હું સારી રીતે સમજણ ધરાવું છું કે જો હું ખાતું ખોલવાની તારીખથી છ મહિનામાં આધાર નંબર રજૂ કરવામાં નિષ્ફળ નિવડીશ તો બેન્ક મારા ખાતાની કામગીરીને સ્થગિત કરી દેશે. હું ઉપરોક્ત જાહેરાતને લીધે કરવામાં આવેલ હોય અથવા ન કરવામાં આવેલ હોય તેવા કોઈ પણ કાર્ય માટે બેન્કને તમામ ખર્ચા, ચાર્જીસ, નુકસાન, દંડો અને/અથવા ખર્ચથી દરેક સમયે ક્ષતિપૂર્તિ કરવા માટે તથા સંબંધિત ક્ષતિપૂર્તિને જાળવી રાખવા માટે સહમત થાવું છું.

**ઈન્સ્ટા અકાઉન્ટ અંગે ઘોષણા:** "હું સ્વીકાર કરું છું કે મને વેલકમ કિટમાં ડેબિટ કાર્ડ અને ચેક બુક પ્રાપ્ત થઈ ગઈ છે. હું બચત/ચાલુ ખાતા ખોલવા માટે એક્સિસ બેન્કનો સંપર્ક કર્યો છે. હું સારી રીતે સમજણ ધરાવું છું કે ખાતું સક્રિય થાય અને તે સંબંધમાં મને માહિતી મળ્યા બાદ જ મારા દ્વારા તેનું સંચાલન થવું જોઈએ. હું આ સાથે ખાતરી આપું છું કે કોઈપણ પ્રકારના ઉલ્લંઘન મારા તરફથી ભૂલ માનવામાં આવશે અને બેન્કને કોઈપણ પ્રકારના કારણ દર્શાવ્યા વગર ખાતાને તાત્કાલિક બંધ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવેલ છે. હું વાકેફ છૂં કે વેલકમ કિટની ડિલીવરી અને/અથવા રસીદનો અર્થ એવો કરી શકાય નહીં કે એક્સિસ બેન્કે ખાતું ખોલી દીધુ છે અથવા ખોલવા માટે સહમત થયેલ છે. એક્સિસ બેન્ક લિમિટેડ પોતાની વિવેક સમજણથી, અથવા તો આગળ જતા દસ્તાવેજની માંગ કરી શકે છે અથવા તો કોઈપણ સારણથી અરજીનો અસ્વીકાર કરી શકે છે. અરજીનો અસ્વીકાર કરવામાં આવે તેવા સંજોગોમાં મને માલુમ છે કે વેલકમ કિટ અને પત્રને પરત લેવામાં આવેલ છે તેમ માનવામાં આવશે અને હું તે બેન્કને તાત્કાલિક પરત કરી દેવાની ખાતરી આપું છું. હું આ સાથે ખાતરી આપું છું કે હું ફક્ત ખાતું સક્રિય થાય ત્યારબાદ જ ચેક ઈશ્યુ કરીશ અને મારું ખાતું સક્રિય થાય તે અગાઉ કોઈ પણ ચેક ઈશ્યુ કરવાના સંજોગોમાં બેન્કને થતા કોઈ પણ ખર્ચ, પરિણામો, નુકસાનથી બેન્કને મુક્ત રાખીશ. જો તમારા ખાતામાં રોકડ

જમા કરાવવા ઈચ્છતા હોય તો, કૃપા કરીને શાખાની મુલાકાત લો. સેલ્સ સ્ટાફને અથવા બેન્કમાં અન્ય કોઈ પ્રતિનિધિને સોંપશો નહીં. આ સાથે હું જાહેર કરું છું કે પૂરી પાડવામાં આવેલ માહિતી અપડેટ કરેલી છે અને ખરી છે તથા આ સાથે તાજેતરની તસવીર અને કેવાયસી દસ્તાવેજોનો તાજેતરનો ફોટોગ્રાફ રજૂ કરું છું. આ સાથે હું વાકેફ છું કે ઉત્પાદનો અને સેવાઓને લાગૂ નિયમો અને નિયમનોને આધિન પ્રદાન કરવામાં આવશે. મને નિયમો અને નિયમનોને લગતી નકલ મળી છે અને રજૂ કરવામાં આવેલ નોમિનેશન ફોર્મ માટે બેન્ક પાસેથી રસીદ પ્રાપ્ત થઈ છે.

**ગ્રાહકની મર્યાદિત જવાબદારી -** એ. હું/અમે બિનઅધિકૃત વ્યવહારોને લીધે થનારા સંપૂર્ણ નુકસાન માટે જવાબદાર રહીશ/રહેશું, જો નુકસાન મારી/અમારી બેદરકારીને લીધે થયેલ હોય. જેમ કે મે/અમે ચુકવણી સંબંધિત ગોપનિયતા શેર કરી હોય કે જ્યાં સુધી મારા/અમારા બિનઅધિકૃત વ્યવહારની માહિતી બેન્કને આપવામાં આવેલ ન હોય. બી. આ પ્રકારના કિસ્સામાં કે જ્યાં બિનઅધિકૃત ઈલેક્ટ્રોનિક બેન્કિંગ વ્યવહારની જવાબદારી બેન્ક અથવા તો મારી/અમારી રહેતી નથી, તથા આ વ્યવસ્થામાં અન્ય કોઈ બાબત કે જ્યારે ગ્રાહક તરફથી બેન્કને એવા પ્રકારના વ્યવહારની માહિતી આપવામાં વિલંબ થાય છે (બેન્કથી સંપર્ક પ્રાપ્ત થયા બાદ કામકાજના ચારથી સાત દિવસ સુધી), મારા/અમારા માટે દરેક વ્યવહારની ચુકવણીના મૂલ્ય અથવા સંબંધિત દિશા-સૂચનો એટલે કે માર્ગદર્શિકા અંતર્ગત વ્યાખ્યાયિત ગ્રાહકની મહત્તમ ચુકવણીના સ્વરૂપમાં દર્શાવેલ રકમ કે જે ઓછી હોય ત્યા સુધી મર્યાદિત રહેશે.

**વન આસિસ્ટ ઘોષણાઃ** હું વન આસિસ્ટ પ્લાન વિશે વધુ માહિતી મેળવવા માટે રસ ધરાવું છું અને આ સાથે જ હું એક્સિસ બેન્ક અને/અથવા તેમના પ્રતિનિધિ અથવા તેમના એજન્ટો અથવા વન આસિસ્ટ કન્ઝ્યુમર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ અથવા વન આસિસ્ટ પાસેથી સંબંધિત કોઈ ત્રીજા પક્ષકારને મારો સંપર્ક કરવાની સહમતિ પ્રદાન કરું છું. હું આ સાથે સમજણ ધરાવું છું કે વન આસિસ્ટ એ વન આસિસ્ટ કન્ઝ્યુમર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી ઓફર ધરાવે છે અને આ ફોર્મમાં સામેલ વિગતો વન આસિસ્ટ કન્ઝ્યુમર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ અને/અથવા એક્સિસ બેન્કના વન આસિસ્ટ કન્ઝ્યુમર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે વ્યવસ્થા પ્રમાણે કોઈ અન્ય ત્રીજા પક્ષકાર સાથે શેર કરવામાં આવશે, જેમ કે જરૂર પડવાના સંજોગો અથવા એક્સિસ બેન્ક યોગ્ય કે ફિટ માની શકે છે. આ સહમતિ વન આસિસ્ટ અંગે માહિતીના સંદર્ભમાં મારો સંપર્ક કરવા માટે મારા દ્વારા આપવામાં આવેલ કોઈ પણ DNC રજીસ્ટ્રેશન અંગે ખાસ છૂટ માનવામાં આવશે. Y_________N__________* આ ગ્રાહકને સંપર્ક પ્રાપ્ત કરવા 90 દિવસ માટે ડીએનસી છૂટ ઓવરરાઈડ કરશે.

**એફએટીસીએ-સીઆરએસને લગતી  શરતો અને નિયમોઃ** કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ દ્વારા આવક વેરા નિયમ, 1962ના ભાગરૂપે 7મી ઓગસ્ટ 2015ના રોજના નિયમ 114એફથી 114એચને અધિસૂચિત કરવામાં આવે છે, જે અંતર્ગત બેન્કો જેવી ભારતીય નાણાકીય સંસ્થાઓએ તમામ ખાતાધારકો પાસેથી વધારાની વ્યક્તિગત, કરવેરા તથા લાભાર્થી માલિકીને લગતી માહિતી અને કેટલાક પ્રમાણપત્રો તથા દસ્તાવેજો મેળવવા જરૂરી રહેશે. સંબંધિત કિસ્સામાં ખાતામાંથી યોગ્ય અટકાયત અથવા તે સંબંધિત કોઈ પણ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી કરવેરા અધિકારીઓ/નિયુક્ત એજન્સીઓ/વિથહોલ્ડિંગ એજન્ટ્સને માહિતી આપવાની રહેશે. જો તમારા દ્વારા આપવામાં કોઈપણ માહિતીમાં કોઈ ફેરફાર થાય છે તો તેવા કિસ્સામાં કૃપા કરીને સુનિશ્ચિત કરો કે તમે અમને તાત્કાલિક કરો, એટલે કે 30 દિવસમાં સુનિશ્ચિત કરો. જો તમારી પાસે તમારા ટેક્સ રેસિડેન્સી અંગે કોઈ પ્રશ્ન છે તો કૃપા કરીને પોતાના કરવેરા સંબંધિત સલાહકારનો સંપર્ક કરો. જો તમે અમેરિકી નાગરિક છો અથવા રહેવાસી છો અથવા ગ્રીનકાર્ડ ધારક છો તો કૃપા કરીને તમારા અમેરિકી ટેક્સ આઈડેન્ટીફિકેશન નંબર સાથે વિદેશી દેશની માહિતી ફિલ્માં યુનાઈટેડ સ્ટેટ્સનો કૃપા કરીને સામેલ કરો. જો તમે જે દેશમાં કર દેશમાં ટેક્સ રેસિડેન્સી છે, તે એવા ઓળખકર્તા ઈશ્યુ કરે છે તો ટીઆઈએન અથવા કાર્યાત્મક સમકક્ષતા રજૂ કરવા ફરજીયાત છે. જો કોઈ ટીઆઈએન હજુ સુધી ઉપલબ્ધ નથી અથવા તો હજુ સુધી ઈશ્યુ કરવામાં આવેલ નથી તો કૃપા કરીને આ અંગે સ્પષ્ટતા આપો અને આ ફોર્મને તે સાથે જોડો. કેવાયસીને લગતી જાહેરાત•મારી વ્યક્તિગત/કેવાયસી વિગતો સેન્ટ્રલ કેવાયસી રજીસ્ટ્રી પાસે રજૂ કરી શકાય છે. ઉપરોક્ત રજિસ્ટર્ડ નંબર/ઈમેલ એડ્રેસ પર એસએમએસ/ઈમેલના માધ્યમથી સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રી પાસેથી માહિતી મેળવવા માટે સહમતિ આપું છું.

હું/અમે આ સાથે બેન્કને અધિકૃત કરું છું/કરીએ છીએ કે તે મારા સિંગલ કસ્ટમર આઈડીને જાળવી રાખશે અને આરબીઆઈની માર્ગદર્શિકા પ્રમાણે મારા તમામ સક્રિય સંબંધોને જાળવી રાખીને ગ્રાહક આઈડી સાથે જોડી દેશે તેમ જ મારા દ્વારા ધારણ કરવામાં આવેલ અન્ય કસ્ટમર આઈડીને રદ્દ કરી દે. હું/અમે તમામ બેન્કિંગ સંબંધો માટે અસ્થિત્વમાં રહેલ સીઆઈએફ આઈડીમાં નવા હસ્તાક્ષર સાથે એઓએફમાં દર્શાવવામાં આવેલ પોતની તાજેતરની ડેમોગ્રાફિક વિગતો એટલે કે મોબાઈલ નંબર, ઈમેલ આઈડી, એડ્રેસને અપડેટ કરવા માટે સહમત થવુ છું/સહમત થઈએ છીએ. જે પણ ગ્રાહકોએ ફ્લિપકાર્ટ ક્રેડટ કાર્ડ સાથે લિબર્ટી સેવિંગ્સ અકાઉન્ટ માટે અરજી કરી છે તેઓ ફ્લિપકાર્ટ ક્રેડિટ કાર્ડ પર જોઈનિંગ ફી માફી માટે યોગ્યતા ધરાવશે, અલબત આ માટે લિબર્ટી સેવિંગ્સ અકાઉન્ટ ફ્લિપકાર્ટ ક્રેડિટ કાર્ડ ખાતું ખુલ્યાનાં 20 દિવસ અગાઉ અથવા બાદમાં તે ખોલાવી શકાય છે. ફ્લિપકાર્ટ ક્રેડિટ કાર્ડ પર જોઈનિંગ ફી માફી સાથે ક્રેડિટ કાર્ડ ખાતું ખોલવાની તારીખથી 45 દિવસમાં પ્રક્રિયા કરવામાં આવશે અને તમામ યોગ્યતા ધરાવતા કાર્ડો માટે આગામી ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં તે

પ્રતિબિંબિત થશે, કે જ્યાં એક સક્રિય લિબર્ટી સેવિંગ્સ અકાઉન્ટ રહેલ છે. ગ્રાહક સાથેની સમજૂતી છે કે ઉપરોક્ત બેન્કની મુનસફીને આધિન પરિવર્તન રહેશે એટલે કે ફેરફારો એ બેન્કની મુનસફીને આધિન છે. આ સાથે હું/અમે એ બાબત સુનિશ્ચિત કરશું કે ભવિષ્યમાં મારા/અમારા દ્વારા પૂરા પાડવામાં આવેલ કોઈ પણ માહિતી અથવા દસ્તાવેજોમાં કોઈપણ પ્રકારના અપડેટ/ફેરફારને બેન્ક સમક્ષ તાત્કાલિક રજૂ કરવાની રહેશે. એટલે કે બેન્ક સમક્ષ ફેરફાર કરવામાં આવ્યાના 30 દિવસમાં આ અંગે જાણ કરવાની રહેશે. આ સાથે હું/અમે એ વાત સાથે સંપૂર્ણપણે સહમત છું/છીએ તથા કટિબદ્ધ છીએ કે બેન્કે મારી/અમારી ડેમોગ્રાફિક/સંપર્કને લગતી માહિતીને અન્ય કોઈ બેન્ક/નાણાકીય સંસ્થા/અથવા અન્ય સંબંધિત સત્તામંડળ સાથે તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ ખાસ જરૂરિયાતના ઉદ્દેશો માટે રજૂ કરવા અથવા જાહેર કરવા માટે અધિકૃત કરું છું. આ સાથે અહીં હું એક્સિસ બેન્કને સેલેરી અકાઉન્ટ (પગાર ખાતું) સાથે રિઈમ્બર્સમેન્ટ ખાતું (એસબીઈઆરએ) ખોલાવવા માટે અધિકૃત કરું છું કે જે ખાતા ખોલવાની આ યાત્રા દરમિયાન ખાતું ખોલવાનું ફોર્મ મેળવવામાં આવે છે.